» છેલ્લા પાનાનું શેષ

અમિત શાહ, સી.આર....

છે એ સીટ પર પ્રતિનિધિત્વ કરવાનો મોકો મને ભાજપે આપ્યો છે. હું આ જ સીટ પરથી 30 વર્ષથી ધારાસભ્ય અને સાંસદ રહ્યો છું. અહીંથી બહુ નાના બુથના કાર્યકર્તાથી સંસદ સુધી પહોંચ્યો છું. આ વિસ્તારના લોકોએ મને અપાર પ્રેમ આપ્યો છે.

નવસારી લોકસભા બેઠક પર ફોર્મ ભરવાના અંતિમ દિવસે વિજય મુહૂર્તમાં ભાજપના સીઆર પાટીલ અને કોંગ્રેસના ઉમેદવાર નૈષેધ દેસાઈ ફોર્મ ભરવા માટે પહોંચ્યા હતા. ભાજપ અને કોંગ્રેસના બંને ઉમેદવારોની કલેકટર કચેરી પર મુલાકાત થઈ હતી. આ સમયે કોંગ્રેસના ઉમેદવાર નૈષધ દેસાઈએ પાટીલની નજીક જઈ કાનમાં કંઈક કહ્યું હતું. જે સાંભળી પાટીલ હસ્યા હતા અને ત્યાંથી આગળ જવા રવાના થયા હતા. ફોર્મ ભર્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં નૈષેધ દેસાઈએ કહ્યું હતું કે, મેં પાટીલને શુભેચ્છા પાઠવી હતી ત્યારબાદ પાટીલે પણ મને શુભેચ્છા પાઠવી હતી.

આ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

અમિત શાહ (ગાંધીનગર બેઠક)
સી.આર. પાટીલ (નવસારી બેઠક)
નૈષધ દેસાઇ (નવસારી બેઠક-કોંગ્રેસ)
પરેશ ધાનાણી (રાજકોટ બેઠક-કોંગ્રેસ)
પૂનમ માડમ (જામનગર બેઠક-ભાજપ)
રામજી ઠાકોર (મહેસાણા બેઠક- કોંગ્રેસ)
કેતન પટેલ (દમણ બેઠક-કોંગ્રેસ)
અજિત માહલા (દાદરા નગર હવેલી બેઠક-કોંગ્રેસ)

જામનગરના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ સૌપ્રથમ ઘરે માતાજીના મંદિરના દર્શન કર્યા બાદ તેના માતાના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ તેમની સ્વર્ગસ્થ પુત્રીના ફોટાને ફુલહાર કરી કંકુ તિલક કર્યું હતું. ત્યારે પૂનમબેન ભાવુક થઈ ગયા હતા. એ બાદ પૂનમબેન માડમ કલેકટર કચેરીએ ફોર્મ ભર્યું હતું. નવસારી બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નૈષધ દેસાઇ કલેક્ટર કચેરીએ ફોર્મ ભરવા આવ્યા ત્યારે ગાંધીજીની વેશભૂષામાં જોવા મળ્યા હતા. માથે ટાલ કરાવી હાથમાં ગાંધીજીની જેમ લાકડી અને પગમાં ચપ્પલ પહેરીને તેઓ કલેક્ટર કચેરીએ આવ્યા હતા. મહેસાણામા આજે લોકસભા બેઠકના ઉમેદવાર રામજીઠાકોર મહેસાણા કલેક્ટર કચેરી ખાતે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આજે સવારે રામજી ઠાકોરે પોતાના ગામથી રેલી યોજી હતી. જેમાં રામજી ઠાકોર પોતાન ગામથી જાતે ટ્રેક્ટર ચલાવી મહેસાણાના હીરાનગર ચોક ખાતે જન આશીર્વાદ સભામા પોતાની રેલી સ્વરૂપે પહોંચ્યા જતા. આ સભામાં કોંગ્રેસના પૂર્વ સાંસદ, કાર્યકરો, પૂર્વ ધારાસભ્ય સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ બાદ રામજી ઠાકોરે ઉમેદવારી નોંધાવી હતી. રાજકોટ લોકસભા બેઠક પર આ વખતે લેઉવા વર્સીસ કડવા પાટીદાર ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ થવા જઇ રહ્યો છે. ત્યારે ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા બાદ આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે રાજકોટ કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી 12.39 વાગ્યે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આ ઉમેદવારી નોંધાવતા પહેલાં તેઓ રાજકોટ રેસકોર્સ સ્થિત બહુમાળી ભવન ચોક ખાતે જાહેર સભાને સંબોધન કર્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સભાને સંબોધ કરતાં પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, જગતના કલ્યાણ માટે વિશ્વકર્મા દેવને જવાબદારી સોંપી છે. વિશ્વકર્મા દેવે દરેક જીવોમાં વિવિધ કળાઓ ગુંથી છે. હાલ પરસેવો પાડીને ખાનારા અનેક લોકોને મહેનત કરવી છે પણ તક મળતી નથી. અથાક મહેનત કરવા છતાં બે ટાઈમ જમવા મળતું નથી. ત્યારે વિશ્વકર્મા દેવના ચરણોમાં આજે પ્રાર્થના કરી છે કે, હે પ્રભુ રાજકોટ અને ગુજરાત સહિત દેશનો પ્રત્યેક વ્યક્તિ કે જેને પરસેવો પાડી મહેનત કરવી છે તેના ઘરે બે ટાઈમ સ્વાભિમાનનો રોટલો તેના બાળકોને મળે તેવી વ્યવસ્થા ઉભી કરવા વિનંતી કરી છે. આ તરફ દમણ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર કેતન પટેલ શક્તિ પ્રદર્શન સાથે દમણના મુખ્ય માર્ગો ઉપર રેલી કાઢીને ચૂંટણી અધિકારી સામે દમણ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે દાદરા નગર હવેલીની લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર કલાબેન ડેલકર સામે કોંગ્રેસના ઉમેદવાર અજિત માહલા દાદરા નગર હવેલીના સેલવાસના મુખ્ય માર્ગો ઉપર શક્તિ પ્રદર્શન સાથે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

કોંગ્રેસના ઉમેદવાર...

માટે મારે આર્થિક સહયોગની પણ જરુર છે. વધુમાં તેમણે ક્યુઆર કોડ અને એકાઉન્ટ નંબર જાહેર કરતા અપીલ કરી હતી કે 1 રુપિયાથી લઈને જેટલી ક્ષમતા હોય તે મુજબ દાન આપો. અહીં નોંધવું ઘટે કે, અગાઉ બનાસકાંઠા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરએ પણ ચૂંટણી લડવા માટે લોકો પાસે આવી રીતે પૈસા માંગ્યા હતા. અને લોકો પણ તેમને મદદ કરતા જોવા મળ્યા હતા. થોડા દિવસ પહેલા ગેનીબેને જાહેરસભામાં કહ્યુ હતુ કે, તેમનો ચૂંટણીખર્ચ તો લોકોએ જ ઉપાડી લીધો છે. પ્રચારમાં મંડપ, માઈક, ચા, પાણી સહિતની તમામ વ્યવસ્થા અઢારે વર્ણના લોકો કરતા હોવાની વાત પણ કરી હતી. વધુમાં તેમણે કહ્યું હતુ કે, પ્રચાર દરમિયાન એક દિવસ એવો નથી ગયો કે જે દિવસે લાખ-દોઢ લાખનો ફાળો ન થયો હોય. એવી જ રીતે મહેસાણા લોકોસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર રામજી ઠાકોરે પણ આવી જ રીતે લોકો પાસે રુપિયાની માંગણી કરી હતી. રામજી ઠાકોરે પોતાની નબળી આર્થિક સ્થિતિની વાત કરી લોકોને નોટ, વોટ અને સમય આપવાની અપીલ કરી હતી. તેમણે ઓછામાં ઓછી 11 રૂપિયાની મદદ માટે અપીલ કરી હતી.

સુરત બેઠક માટે...

કોંગ્રેસના નિલેશ કુંભાણી ઉપરાંત અન્ય 13 જેટલા અપક્ષો સહિતનાં અન્ય ઉમેદવારો મળી કુલ 15 ઉમેદવારોએ 24 જેટલા ઉમેદવારી ફોર્મ ભર્યા છે. જેમાં ફોર્મ ચકાસણી બાદ મોટાભાગે ભાજપનાં અને કોંગ્રેસનાં ડમી ઉમેદવારો ફોર્મ પરત ખેંચી લેશે. ચૂંટણી કાર્યક્રમ મુજબ 22 એપ્રિલ સોમવારનાં રોજ ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો અંતિમ દિવસ હશે. જ્યારે મતદાન 7મી મેએ અને મતગણતરી4 જૂનના રોજ યોજાશે. વધુમાં જોવા જઈએ સુરત લોકસભાની બેઠક પરથી ભાજપનાં મુકેશ દલાલ, અને કોંગ્રેસનાં નિલેશ કુંભાણીએ અગાઉ દાવેદારી નોંધાવી ચુક્યા હતા. જયારેઆજે છેલ્લા દિવસે જ સૌથી વધુ 10 ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. જેમાં પરષોત્તમ બારૈયા(અપક્ષ), કિશોર ડાયાણી (અપક્ષ), અજીતસિંહ ઉમટ(અખિલ ભારત હિંદુ મહાસભા), પોકારામ ખોજારામ(અપક્ષ), ભરત પ્રજાપતિ (અપક્ષ), જયેશ પ્રજાપતિ (ગ્લોબલ રિપબ્લિકન પાર્ટી), સોહેલ શેખ (લોગ પાર્ટી), વિજય લોહાર (બહુજન રિપબ્લિકન સોશ્યાલિસ્ટ પાર્ટી), પ્યારેલાલ ભારતી (બહુજન સમાજ પાર્ટી), નરેશ પરમાર (બહુજન સમાજ પાર્ટી) એ ઉમેદવારી નોંધાવી છે. આમ, કુલ મળી ૧૫ ઉમેદવારોએ ૨૪ ઉમેદવારીપત્રો ભર્યા છે.

રૂપાલાના મુદ્દે ભાજપે...

અને રાજપૂત સમાજની 92 સંસ્થાના પ્રતિનિધિઓની એક મહત્ત્વની બેઠક ગોતા રાજપૂત ભવન ખાતે રાખવામાં આવી હતી. ૨૬ લોકસભા સીટ ઉપર ભાજપનો જાહેરમા વિરોધ જાહેર કરી અને વિરૂદ્ધમા સક્ષમ પક્ષના ઉમેદવારને મતદાન કરવાનું નક્કી કરવામાં આવ્યુ છે. એટલે કે દુશ્મનનો દુશ્મન આપણો દોસ્તની નીતિ અપનાવશે. આજની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અનુસાર ગુજરાતના ગામડે ગામડે સભાઓ (કાર્યક્રમ) આયોજિત કરીને ભાજપ વિરૂદ્ધમા મતદાન કરાવવા સર્વ સમાજને આહવાન કરવું, ભાજપની જાહેર સભાઓમા કાળા વાવટાની જગ્યાએ હવેથી ભગવા (કેસરિયો) ઝંડાથી વિરોધ કરવો, મહિલાઓ દ્વારા દરેક જિલ્લાઓમાં એક દિવસનો ક્રમિક પ્રતિક ઉપવાસ ઉપર બેસવું, દરેક જિલ્લાઓની સામાજિક સંસ્થા (કમિટી) દ્વારા શિસ્ત અને સંયમથી ભાજપ વિરૂદ્ધ મતદાન માટે કાર્યક્રમ આપવાનો સમાવેશ થાય છે.

વધુમાં ગુજરાતના 5 ઝોનમા 22 એપ્રિલથી ધાર્મિક સ્થળથી ધર્મરથ કાઢી ગામડે ગામડે ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા લોકોને જાગૃત કરવામાં આવશે. દરેક ગામડા, શહેરમા બુથ આયોજન કરીને ભાજપ વિરૂદ્ધમા વધારે મતદાન કરાવવામાં આવશે. 7 મે મતદાન દિવસ સુધી ક્ષત્રિય સમાજના લાખો લોકોની ઊર્જા અને ઉત્સાહ ચેતનમંય રહે એ માટે ભાજપ વિરૂદ્ધમા સતત કાર્યક્રમો આપતા રહેવા, તેમજ માત્ર ગુજરાત નહિ પણ સમગ્ર ભારતના રાજ્યો સુધી આ આંદોલન પહોચાડવામા આવશે.

નવસારીમાં ઉમેદવારી...

કોંગ્રેસી ઉમેદવાર દેસાઈએ સી.આર.પાટીલને વિજયી શુભેચ્છા પાઠવી હોવાનું જાહેર કર્યું હતું. સી.આર પાટીલે હસતા મુખે ત્યાંથી પસાર થઈને નવસારી જિલ્લા ચૂંટણી પ્રભારી કનુ દેસાઈ તેમજ નવસારી ધારાસભ્યોના સાનિધ્યમાં પોતાનું ઉમેદવારી પત્રક ભરી જિલ્લા ચૂંટણી અધિકારી ક્ષિપ્રા આગ્રેને સોપ્યું હતું. ત્યારબાદ કોંગ્રેસી ઉમેદવારના નૈષધ દેસાઈએ પણ પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. મુખ્ય પક્ષ કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા બાદ મોડી સાંજ સુધી બંનેના સોગંદનામાંની માહિતી ઓનલાઈન ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવી ન હતી. જે અંગે અધિકારીઓને ટેલીફોનિક પૂછતા મોડેથી સોગંદનામુ ઓનલાઇન મૂકવામાં આવશે તેવું જણાવ્યું હતું.

ગઢડા સ્વામીનારાયણ...

યાદીમાંથી માત્ર 5800 લોકોને 2024 ની ચૂંટણીમાં સમાવેશ કરવામાં આવેલ છે 20,000 નવા ખોટા મતદારોને ઉભા કરીને ચૂંટણી દેવ પક્ષના લોકો કરી રહ્યા છે હરિભક્તોના નામ બિલકુલ કાઢી નાખવામાં આવેલ છે ગઢડા મંદિરમાં 365 દિવસ રહેતા સંતોના નામ પણ મતદાર યાદી માંથી કાઢી નાખવામાં આવેલ છે કાયદાનો આધાર અને બેજ બનાવીને ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે એટલે તેને રોકી શકાય નહીં તેવી રજૂઆત કોર્ટોમાં કરી રહ્યા છે સુપ્રીમ કોર્ટે ઈલેક્શન ને લગતી તકરાર હાઈકોર્ટમાં લેવા માટે ડાયરેક્શન આપેલ છે અને જે મુજબ તારીખ 19 4 2024 ના રોજ હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી દેવામાં આવેલ છે અને ચૂંટણીની તમામ પ્રક્રિયાઓ કાયદાથી વિપરીત જે કરવામાં આવી રહી છે તેને ચેલેન્જ કરવામાં આવેલ છે હજારો હરિભક્તોનો ગામડે ગામડે રોષ છે લોકશાહી પ્રક્રિયાનું બિલકુલ હનન કરવામાં આવી રહ્યું છે એક ધાર્મિક સંસ્થાના મતદારોના અધિકારને છીનવી લેવાના પ્રયત્ન થઈ રહ્યા છે. 16000 લોકોએ ટ્રસ્ટમાં ધર્માદો ભરવા જતા હરિજીવનદાસજી ધર્માદો ન સ્વીકારતા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ત્રણ ટ્રસ્ટીઓ દ્વારા અરજી દાખલ કરવામાં આવેલ છે અને હાઈકોર્ટમાં મેટર પેન્ડિંગ પડી છે 29,000 ની પ્રાથમિક મતદાર યાદી માંથી 5,000 મતદારોના નામ કોઈપણ કારણ કે નોટિસ બતાવ્યા વગર કાઢી નાખવામાં આવેલ છે તેવી જ રીતે સંતો ભક્તોને બ્રહ્મચારીના પણ નામ કાઢી નાખવામાં આવેલ છે પાર્ષદ વિભાગમાં 60 અજાણ્યા નામો ઉમેરવામાં આવ્યા છે પાંચ વર્ષના વહીવટમાં 130 કરોડ રૂપિયા વાપરી નાખ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ ગઢડા ને એન કેન પ્રકારે વિવાદના વંટોળમાં ફસાવવા સંપ્રદાય વિરોધી તત્વો સફળ થઈ રહ્યા છે ત્યારે સમગ્ર સત્સંગ સમાજને તારીખ 21 4 2024 ના રોજ યોજાનાર ચૂંટણીમાં જે પણ મતદારોને ભગવાને મતદાનનો અવસર આપ્યો છે તે ન્યાય નીતિ અને ધર્મના પક્ષે મતદાન કરી પાપના ભાગીદાર નહીં બનવા એસ.પી. સ્વામીએ અનુરોધ કર્યો છે.

ભરૂચના નારાજ...

વસાવાનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. જો કે, શરૂઆતથી જ કોંગ્રેસ પાર્ટી તરફથી આપ પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવાને ખુબ જ સમર્થન આપવામાં આવ્યું હતું, પરંતુ સાથે સાથે કોંગ્રેસમાં ભરૂચ જિલ્લાના કેટલાક સિનિયર આગેવાનોએ ચૈતર વસાવાને સમર્થન આપ્યું ન હતું. ઈન્ડિયા ગઠબંધન અંતર્ગત આપ પાર્ટીના ચૈતર વસાવાની પસંદગી થતા ચૂંટણી લડવાના અહેમદ પટેલના પરિવારજનો સહિતના નેતાઓના સ્વપ્ન રોળાયા હતા, જેથી તેઓએ આ અંગે નારાજગી પણ વ્યક્ત કરી હતી. કોંગ્રેસના કેટલાક નેતાએ કહ્યુ હતુ કે, ગઠબંધનથી કોઈ વાંધો નથી પરંતુ જે પણ ઉમેદવાર હોય એ કોંગ્રેસના જ ચૂંટણી ચિન્હ પર ચૂંટણી લડવો જોઈએ. આ બાબતે કોંગ્રેસ આગેવાનોએ હાઈકમાન્ડને ફેર વિચારણા કરવા અપીલ કરી હતી.

આજે કોંગ્રેસના નારાજ આગેવાનો દ્વારા ચૈતર વસાવા સાથે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોંગ્રેસના આગેવાનોએ વિવાદનો અંત લાવીને ચૈતર વસાવાને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. રાજપૂત છાત્રાલય ખાતે પૂર્વ પ્રમુખ પરિમલસિંહ રણા, સંદીપ માંગરોલા, સુલેમાન પટેલ સહિતના આગેવાનોની સંયુક્ત પત્રકાર પરિષદ યોજાઈ હતી. જ્યાં આગામી દિવસોમાં ગામે ગામ ચૈતર વસાવા સાથે ખભેથી ખભો મિલાવીને મહેનત કરવાની બાહેધરી આપી હતી.

નર્મદ યુનિ.ના ચીફ...

તંત્રએ એક મહિના બાદ આ સમગ્ર બાબત ઉજાગર કરતા અનેક તર્કવિતર્ક વહેતા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા એક મહિના અગાઉ લેવામાં આવેલી એમ.કોમની એક્સટર્નલ પરીક્ષા દરમિયાન ચોરીના કેસ રોકવા માટે મહિલા સ્કવોડ બનાવવામાં આવી હતી. પરીક્ષા ખંડમાં ગેરરીતિ સમયે વિદ્યાર્થિની પકડાય તો કોઇ વિવાદ ન થાય તે માટે રચાયેલી મહિલા સ્કવોડની ટીમ સાસ્કમા કોલેજમાં પહોંચી હતી, જયાં યુનિવર્સિટીનાં ચીફ સિક્યુરીટી ઓફિસર મેહુલ કનૈયાલાલ મોદી મહિલા સ્કોવોડની અડફટે ચઢી ગયા હતા. તેઓ એડર્વટાઇઝીંગ એન્ડ સેલ્સ મેનેજમેન્ટમાં કાપલી સાથે પકડાતા પરીક્ષા આપતા તેમને અટકાવવામાં આવ્યા હતા. આ મામલો શરૂઆતમાં દબાવી દેવામાં આવ્યો હતો, જો કે ત્યારબાદ રાજકીય કાવાદાવા વચ્ચે ફેક્ટ કમિટીનાં કેટલાક સભ્યોએ જ જાહેર કરતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. જો કે એક મહિના અગાઉની આ ઘટનામાં યુનિવર્સિટીનાં ચીફ સિક્યુરિટી ઓફિસરએ હવે ફેકટ કમિટીમાં સમક્ષ હીયરીંગ આવતી બેઠકમાં ગેરરીતી આચરનાર વિદ્યાર્થી તરીકે હાજર રહેવું પડશે.

વડોદરામાં નશો કરીને...

યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવતીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ અકસ્માતે અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ પર થયેલા તથ્યકાંડની યાદ તાજી કરાવી હતી. તથ્યને બચાવવા તેનાં પરિવારજનો દોડી આવ્યાં હતાં તેમ આ ઘટનામાં પણ કારચાલક નબીરાને બચાવવા તેનાં પરિવારજનો દોડી આવ્યાં હતાં. મૃતક યુવક અને ઈજાગ્રસ્ત બન્ને યુવતી પારૂલ યુનિવર્સિટીમાં MBAનો અભ્યાસ કરતા હોવાનું જાણવા મળ્યું છે. એસીપી એ. વી. કાટકડે જણાવ્યું હતું કે, ગત રાત્રે અકોટા દાંડિયા બજાર બ્રિજ પર સર્જાયેલ અકસમતા અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઈસમ સામે આઈપીસી કલમ 304 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ આરોપીની ગાડીમાંથી નશાકારક પ્રવાહી ભરેલ બોટલ મળી આવી હતી. આ ઘટનામાં ઈજાગ્રસ્ત યુવતીએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં MBAનો અભ્યાસ કરનાર 24 વર્ષીય આકાશ રાકેશભાઈ ચોબલે (રહે, વાઘોડિયા રોડ, મૂળ કચ્છ, હાલ પરિવાર રાજસ્થાન રહે છે)ને ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવમાં અન્ય બે યુવતી આસ્થા પરીખ અને પ્રીતિ શર્માને પણ ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અકસ્માત કરનાર કલ્પ કનક પંડ્યા અને તેની ફિયાન્સીની હાલ પોલીસે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

રવિવારે ભગવાન...

પંચાગના વિક્રમ સંવત મુજબ ચૈત્ર સુદ તેરસના દિવસે થયો હોવાથી આ દિવસની જૈનો ખુબ ધામધુમ પૂર્વક ઊજવણી કરે છે, આખા ભારતભરમાં ગલીએ ગલીએ એક બીજાને લાડુ ખવરાવી મો મીઠું કરાવવામાં આવે છે,

ભગવાન મહાવીરનો જન્મ વર્તમાન બિહારના વૈશાલી જિલ્લામાં પટનાથી ૨૯ માઈલ દૂર આવેલા 'બેસધા પટ્ટી' પાસે આવેલા કુંડલપુર ગામમાં ચૈત્ર સુદ તેરસના રોજ થયો હતો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ રાજા અને માતાનું ત્રિશલા દેવી હતું.

જ્યારે મહાવીર પોતાની માતાના ગર્ભમાં આવ્યા એ સમયથી રાજ્યમાં રિદ્ધિ-સિદ્ધિ સંપદા વધી હતી, આથી તેમને વર્ધમાન પણ કહેવાય છે. માતાના ગર્ભમાં તેમના ચ્યવન પછી ઘણી સારી ઘટનાઓ બની હતી. આ સમયે વૃક્ષો પર મોટા પ્રમાણમાં ફૂલો ખીલ્યાં હતાં, રાણી ત્રિશલાને શુભ સ્વપ્નો આવ્યાં હતાં, વગેરે ઘટનાને એક મહાન આત્માના અવતરણનું ચિહન માનવામાં આવે છે,

શ્રાવક અજીત મહેતાના જણાવ્યા અનુસાર આજના દિવસે જૈનો મહાવીર જન્મોત્સવની ખુબજ ધામધૂમથી ઉજવણી કરે છે. આ દિવસે ભગવાન મહાવીરની શોભાયાત્રા, અબોલ પશુઓ પ્રત્યે જીવદયાનુ કાર્ય, સાધર્મિક ભક્તિ, જમણવાર, લાડું વિતરણ, ભગવાન મહાવીર ના જીવન ચરિત્રનું વર્ણન,વિગેરે વિધવિધ અનુષ્ઠાનો ઉજવાય છે,કહેવાય છે કે કઠોર તપસ્યા પછી મહાવીર સ્વામીએ તેમની ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો હતો.

કાપોદ્રામાં પુત્રને...

યુવાન જે લીંબાયતના છત્રપતિ શિવાજી નગરમાં રહે છે.તેની સાથે વાતચીત કરતો અને આદિત્યએ તેને એક મોબાઈલ ફોન પણ આપ્યો હતો.અગાઉ તરુણી પણ છત્રપતિ શિવાજીનગરમાં જ રહેતી હોવાથી બંને એક બીજાના પરિચયમાં હતા.અને આદિત્ય તરુણીને અલગ અલગ જગ્યાએ લઈ જતો અને તેણી સાથે દુષ્કર્મ કરતો હતો.મોબાઈલ ફોનને કારણે તરુણીના પરિવારના સભ્યોને જાણ થઇ હતી અને આખરે મામલો લીંબાયત પોલીસ મથકે પહોચ્યો હતો અને તરુણીની માતાએ આદિત્ય સામે ફરિયાદ નોંધાવી હતી.

ત્રીજા બનાવમાં પણ પાંડેસરાની એક યુ.પી વસી યુવતી સાથે તેના એક પરિચિત નીતેશ પરશુરામ પાલ રહે. પાતુંપુર જી.અયોધ્યા યુ.પી.એ મિત્રતા કેળવીને યુવતીના પાંડેસરાના ઘરે આવીને લગ્ન કરવાની લાલચ આપીને યુવતીના ઘરે જે તેણીની સાથે અવાર નવાર દુષ્કર્મ કરીને તેનો વિડીયો ઉતારી લઇને તેને વાયરલ કરી દેવાની ધમકી આપીને રૂ.4 હજાર પડાવી લીધા હતા. અને યુવતીના પરિવારના સભ્યોને પણ ગંદા મેસેજ કરીને હેરાન કર્યા હતા.જે બાબતે ભોગ બનનાર યુવતીએ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટીવ બેંક લિ.

(મલ્ટીસ્ટેટ શિડયુલ્ડ બેંક)
કોર્પોરેટ ઓફિસ : ન્યુ ઈન્ડિયા ભવન, એ.વી.નાગવેકર માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫

ડીમાન્ડ નોટીસ

(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ (૧) અંતર્ગત) સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના ખંડ ૧૩(૨) મુજબ વૈકલ્પિક સેવા દ્વારા નોટીસ

આથી નીચે જણાવેલ દેવાદારો/જામીનદારો/ગીરોદારોએન્યુ ઈન્ડિયા કો-ઓપરેટીવ બેંક લિ. પાસેથી લોન સુવિધા મેળવી હતી, તેઓ લોનની ફેરચુકવણી કરવામાં નિષ્ફળ જતા તેમના ખાતામાં આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ કંપનીના ખાતાઓને નોન પરફોર્મિંગ એસેટસ જાહેર કરવામાં આવ્યા છે ત્યાર બાદ ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટીવ બેંક લિ. એ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(સરફાયેસી એક્ટ) ના ખંડ ૧૩(૨) અને સરફાયેસી એક્ટ મુજબ તેમના છેલ્લા જાણીતા સરનામા પર ડીમાન્ડ નોટીસો મોકલી તેમને સંપૂર્ણ બાકી રહેતી રકમની સાથે કરાર મુજબનું વ્યાજ, આકસ્મિક ખર્ચાઓ તેમજ બોજ સહિતની રકમ ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું . આ નોટીસો પરત આવતા તેમને ફરીથી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨(સરફાયેસી રૂલ્સ) ના રૂલ ૩ મુજબ આ નોટીસ જાહેરમાં પ્રકાશિત કરવામાં આવે છે.

અ. નં.	ખાતા નં./ બ્રાંચ/ દેવાદાર/ સહ દેવાદાર/ જામીનદારના નામ	મંજુર સુવિધાનો પ્રકાર/ મંજુર રકમ/ મંજુરી પત્રનો સંદર્ભ નં.	ગીરો મિલકતનું વર્ણન/ ગીરોનો પ્રકાર	NPA અને ડીમાન્ડ નોટીસની તારીખ	ડીમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ
૧	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૦૯૧૯ રીંગરોડ, સુરત શાખા, શ્રી શૈલેષ સંજય ચિતે (દેવાદાર)/ શ્રીમતી સુનંદાબેન સંજય ચિતે (સહદેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૪.૪૦ લાખ NI/ SRT/2152/2022-2023 Dt.19.01.2023	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૧૦૨ (કેજેપી મુજબ બ્લોક નં.૧૨૦/ એ/૧૦૨/૧૦૨)વિધિ રેસીડેન્સી વિભાગ-૨ નામે ઓળખાતી સોસાયટી પ્લોટનું ક્ષેત્રફળ અંદાજે ૬૦.૧૯ ચો.મી.સ્થળ મુજબ અને રે.રેકોર્ડ મુજબ ૫૩.૯૩ ચો.મી. નીસાથે કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૧.૪૫ ચો.મી.ભાગ, બિનખેતી જમીન, રે.સ.નં.૧૧૧, બ્લોક નં.૧૨૦/એ કુલ ક્ષેત્રફળ ૮૬૬૫ચો. મી. મોજે ગામ કારેલી, પેટા જિ.તા.પલસાણા, જિ.સુરત ગુજરત-૩૯૪૩૧૦ માલીકી શ્રી શૈલેષ સંજય ચિતે અને શ્રીમતી સુનંદાબેન સંજય ચિતે	૩૧.૦૧.૨૦૨૪ ૧૬.૦૨.૨૦૨૪	રૂ.૧૪, ૫૯, ૭૯૧. ૫૦ (રૂપિયા ચૌદ લાખ ઓગણસાંઇઠ હજાર સાતસો એકાણુ અને પચાસ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૧.૫૦ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૦૨.૦૨.૨૦૨૪થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૨	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૦૭૩૭ રીંગરોડ, સુરત શાખા. શ્રીમહેન્દ્ર રવિન્દ્ર પ્રસાદ(દેવાદાર)/ શ્રીમતી સુનિતામહેન્દ્ર પ્રસાદ (સહદેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૧.૦૦ લાખ NI/ SRT/1259/2022-2023 Dt.20.09.2022	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૭ (કેજેપી મુજબ બ્લોક નં.૩૧/૭)ગ્રીન પાર્ક વિભાગ-૩ નામે ઓળખાતી સોસાયટી પ્લોટનું ક્ષેત્રફળ અંદાજે ૪૦.૧૫ ચો.મી.ની સાથે કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૧.૭૫ ચો.મી.ભાગ, બિનખેતી જમીન, નવો બ્લોક નં.૩૧ ક્ષેત્રફળ ૫૮૨૮૬ ચો.મી. જુનો બ્લોક નં.૨૯ અને રે.સ.નં.૩૮, ૩૯, ૪૦ મોજે ગામ હલધરૂ , પેટા જિ.તા. કામરેજ, જિ.સુરત ગુજરત-૩૯૪૩૧૦	૦૩.૦૩.૨૦૨૪ ૨૦.૦૩.૨૦૨૪	રૂ.૧૧, ૩૦, ૫૯૮.૬૦ (રૂપિયા અગિયાર લાખ ત્રીસ હજાર પાંચસો અઠ્ઠાણુ અને સાંઇઠ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૧.૭૫ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૦૪.૦૩.૨૦૨૪થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૩	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૦૦૯૩ વરાછા રોડ, સુરત શાખા. શ્રી રતિભાઈ લક્ષ્મણભાઈ દાવરા (દેવાદાર)/ શ્રીમતી મુક્તાબેન રતિભાઈ દાવરા, શ્રી પરેશકુમાર રતિભાઈ દાવરા (સહદેવાદાર) શ્રી વિઠ્ઠલભાઈ ગોરધનભાઈ ભંડેરી	હાઉસિંગ લોન રૂ.૧૭.૦૦ લાખ NI/Credit/472/ 2019-20 Dt.11.12.2019	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત રહેણાંક મકાન પ્લોટ નં.૯૦, ક્ષેત્રફળ અંદાજે ૭૧.૧૫ ચો.મી.નિલકંઠ વરણી ની કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૫૮.૮૪ ચો.મી.કુલ ક્ષેત્રફળ અંદાજે ૧૨૯.૯૯ ચો.મી., રે.સ.નં.૩૮૪/૧ અથવા બ્લોક નં.૩૫૯ અથવા નવો સુધારીત સ.નં.૧૪૮૪૪, મોજે ગામ વેલંજા , પેટા જિ.તા.કામરેજ, જિ.સુરત ગુજરત-૩૯૪૧૫૦ માલીકી શ્રીરતિભાઈ લક્ષ્મણભાઈ દાવરા, શ્રીમતી મુક્તાબેન રતિભાઈ દાવરા અનેશ્રી પરેશકુમાર રતિભાઈ દાવરાની	૧૬.૦૨.૨૦૨૪ ૨૭.૦૩.૨૦૨૪	રૂ.૧૫, ૭૦, ૮૪૨.૮૦ (રૂપિયા પંદર લાખ સિત્તેર હજાર આઠસો બેતાલીસ અને એંસી પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૯ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૧૮.૦૩.૨૦૨૪થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૪	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૧૧૨૫ રીંગરોડ, સુરત શાખા. શ્રી રાજેન્દ્ર સિંઘ રાજપૂત (દેવાદાર)/ શ્રીમતી રાજપૂત માયાબેન (સહદેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૧.૨૫ લાખ NI/SRT/570/ 2023-2024 Dt.14.07.2023	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૧૮૫(કેજેપી મુજબ બ્લોક નં.૩૧/૧૮૫) ગ્રીન પાર્કવિભાગ-૩નામે ઓળખાતી સોસાયટી પ્લોટનું ક્ષેત્રફળ અંદાજે ૪૦.૧૫ ચો.મી.અને સાથે કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૧.૭૫ ચો.મી.ભાગ, બિનખેતી જમીન, નવો બ્લોક નં.૩૧, ક્ષેત્રફળ ૫૮૨૮૬ ચો.મી. જુનો બ્લોક નં.૨૯, રે.સ.નં.૩૮, ૩૯, ૪૦ મોજે ગામ હલધરૂ, પેટા જિ.તા.કામરેજ, જિ.સુરત ગુજરાત	૨૫.૦૨.૨૦૨૪ ૨૮.૦૩.૨૦૨૪	રૂ.૧૧, ૬૬, ૭૫૦.૫૦ (રૂપિયા અગિયાર લાખ છાંસઠ હજાર સાતસો પચાસ અને પચાસ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૧.૭૫ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૨૭.૦૩.૨૦૨૪ થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૫	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૦૧૩૧ વરાછા રોડ, સુરત શાખા. શ્રીબિગન કુમાર મહાતો (દેવાદાર)/ શ્રીમતી રેંજુ બિગનકુમાર મહાતો (સહ દેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૦.૫૦ લાખ NI/Credit/18/ 2023-2024 Dt.16.05.2023	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૧૫૧ ક્ષેત્રફળ અંદાજે૪૪.૬૨ ચો.મી. ની સાથે ૨૧.૨૫ ચો.મી.સાંઇ આંગન રેસીડેન્સી ની કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ બિનખેતી જમીન, રે.સ.નં.૧૦૦, ૧૦૧, બ્લોક નં. ૮૫, ક્ષેત્રફળ ૩૯૯૫૬ ચો.મી.બિનખેતી જમીન મોજે ગામ જોલવા, પેટા જિ. તા.પલસાણા, જિ.સુરત ગુજરાત	૨૭.૦૨.૨૦૨૪ ૨૮.૦૩.૨૦૨૪	રૂ.૧૧, ૧૬, ૬૮૭.૪૦ (રૂપિયા અગિયાર લાખ સોળ હજાર છસ્સો સત્યાંસી અને ચાલીસ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૨ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૨૬.૦૩.૨૦૨૪ થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૬	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૦૧૩૪ વરાછા રોડ, સુરત શાખા. શ્રી મિસ્ત્રી તરૂણ રમેશભાઈ (દેવાદાર)/ શ્રીમતી મિસ્ત્રી જયાબેન રમેશભાઈ (સહ દેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૨.૫૦ લાખ NI/SRT/633/ 2023-2024 Dt.28.07.2023	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૧૫૦ ક્ષેત્રફળ અંદાજે ૫૭.૬૫ ચો.મી. ની સાથે ગ્રાઉન્ડ ફ્લોરનું બાંધકામ ક્ષેત્રફળ ૬૪.૬૮ ચો.મી. ની સાથે સ્કાય વિલાનીઅવિભાજિત જમીનનો ૩૯.૨૪ ચો.મી. ભાગ કુલ ક્ષેત્રફળ ૯૬.૮૯ ચોમી.રે.સ.નં.૨૯૦, બ્લોક નં.૧૪૯, ક્ષેત્રફળ ૧૫૦૩૫ ચો.મી. મોજે ગામ સ્યાદલા, તા.ઓલપાડ, જિ.સુરત ગુજરાત ૩૯૪૧૩૦ માલીકી શ્રી મિસ્ત્રી તરૂણ રમેશભાઈ અને શ્રીમતી મિસ્ત્રી જયાબેન રમેશભાઈ	૧૮.૦૨.૨૦૨૪ ૧૪.૦૩.૨૦૨૪	રૂ.૧૩, ૦૦, ૭૬૭.૬૦ (રૂપિયા તેર લાખ સાતસો સડસઠ અને સાંઇઠ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૨ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૨૦.૦૨. ૨૦૨૪ થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૭	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૦૮૪૦ રીંગરોડ, સુરત શાખા. શ્રી અનિલકુમાર ગુપ્તા (દેવાદાર)/ શ્રીમતી પૂજા (સહ દેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૧.૦૦ લાખ NI/SRT/1799/ 2022-2023 Dt.06.12.2022	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૬૭ શ્રીવિલા રેસીડેન્સીવિભાગ-૩ નામે જાણીતી સોસાયટી પ્લોટનું ક્ષેત્રફળ ૪૦.૧૩ ચો.મી. સ્થળ મુજબ અને મંજુર પ્લાન મુજબ ૪૦.૨૬ ચો.મી.ની સાથે ની કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૨.૫૪ ચો.મી. ભાગ બિનખેતી જમીન રે.સ.નં. ૬૯/૧, બ્લોક નં.૧૧૭ ક્ષેત્રફળ ૧૬૦૮૬ ચો.મી. , મોજે ગામ મોતા, પેટા જિ. તા. બારડોલી, જિ.સુરત ગુજરાત ૩૯૪૩૪૫ માલિકી શ્રી અનિલ કુમાર ગુપ્તા અને શ્રીમતી પૂજા	૧૩.૦૨.૨૦૨૪ ૧૪.૦૩.૨૦૨૪	રૂ.૧૧, ૨૫, ૯૯૬.૭૦ (રૂપિયા અગિયાર લાખ પચ્ચીસ હજાર નવસો છન્નુ અને સિત્તેર પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૧.૭૫ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૧૫.૦૨. ૨૦૨૪ થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૮	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૦૦૭૮ વરાછા રોડ, સુરત શાખા. શ્રી ભીખાભાઈ વલ્લભભાઈ વેકરીયા (દેવાદાર)/ શ્રી ધર્મેશ ભીખાભાઈ વેકરીયા (સહ દેવાદાર) / શ્રી જયસુખભાઈ અરજણભાઈ સોડવડીયા, શ્રી છનાભાઈ રામુભાઈ મકવાણા (જામીનદાર)	હાઉસિંગ લોન રૂ.૧૪.૫૦ લાખ NI/RBC/134/ 2017-18 Dt.07.07.2017	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૮૯ ક્ષેત્રફળ ૭૧.૧૫ ચો.મી.નિલકંઠ વરણી રે.સ.નં.૩૮૪/૧, બ્લોક નં.૩૫૯ મોજે ગામ વેલંજા, પેટા જિ. તા. કામરેજ, જિ.સુરત ગુજરાત ૩૯૪૧૫૦ માલીકી શ્રી ભીખાભાઈ વલ્લભભાઈ વેકરીયા	૧૮.૦૩.૨૦૨૪ ૦૫.૦૪.૨૦૨૪	રૂ.૧૭, ૪૪, ૪૨૮.૩૨ (રૂપિયા સત્તર લાખ ચુમ્માલીસ હજાર ચારસો અઠ્ઠાવીસ અને બત્રીસ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૯ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૧૯.૦૩. ૨૦૨૪ થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ

આથી તમે અ.નં.૧ થી ૮ ને આથી ઉપર જણાવેલ બાકી રકમ આ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ભરી દેવા જણાવવામાં આવે છે.જો નિષ્ફળ જશો તો બેંક સિક્યુરાઈટિઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ઠ, ૨૦૦૨ ની જોગવાઈ મુજબ ગિરોમિલકતો સામે આગળના પગલા લેશે.જેની નોંધ લેવી.

ઉપર જણાવેલી મિલકતો ઉપર બેંકનું ઉપર જણાવ્યા મુજબનું લેણુ બાકી હોવાથી એનું કોઈ પણ પ્રકારે વેચાણ, સોદો કે ત્રાહિત પક્ષના મિલકત કે તેના કોઈ ભાગ વિશેના કોઈ પણ દાવા ચાલી શકશે નહીં.

આ નોટીસ કોઈ પણ પૂર્વગ્રહ વિનાની અને બેંકના અધિકાર મુજબની છે જેથી બેંક આગળના પગલા કાનૂની જોગવાઈ મુજબ લઈ શકશે.

સહી/-
(ભાસ્કર અમીન)
આસિ. જનરલ મેનેજર અને અધિકૃત અધિકારી
ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટીવ બેંક લિ.

તારીખ:૨૦.૦૪.૨૦૨૪
સ્થળ : મુંબઈ

નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ

(અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ તરીકે જાણીતી) ,રજિસ્ટર્ડ ઓફિસ :,પાંચમા માળે,ટાવર ૩ ,વિંગ-બી,કોહિનૂર સીટી મોલ,કોહિનૂર સીટી,કિરોલી રોડ,કુર્લા (પશ્ચિમ),મુંબઈ - ૪૦૦૦૭૦ બ્રાંચઓફિસ : ઓફિસ નં.૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪ ત્રીજા માળે,થર્ડ આય વિઝનબિલ્ડીંગ,આઈઆઈએમ -પાંજરાપોળ રોડ અમદાવાદ-૩૮૦૦૧૫

ઈ-ઓકશન - વેચાણ માટેની ૩૦ દિવસની વૈધાનિક નોટીસ

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ ઈ-ઓકશનથી વેચાણ માટે આથી જાહેર જનતાને અને ખાસ દેવાદાર અને જામીનદારને નોટીસ આપવામાં આવે છે કે તેમની નીચે જણાવેલી ગીરો મિલકતો 'જયાં છે જેમ છે' અને 'જે છે તે છે' ના ધોરણે ઈ-ઓકશનથી વેચાણ માટે મુકવામાં આવનાર છે જે મે.નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ(અગાઉએડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ તરીકે જાણીતી) માં દેવાદાર(રો),સહદેવાદાર(રો) અને જામીનદારો દ્વારા ગીરો મુકી લોન લીધી હતી તેની વસુલાત માટે સલામત ધિરાણકર્તાઓ પાસે વાસ્તવિક કબજા સાથેની નીચે જણાવેલી મિલકતોનું વેચાણ કરવામાં આવનાર છે.

અ.નં.	દેવાદાર(રો),સહદેવાદાર(રો), જામીનદાર(રો)ના નામ	લેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	ઓકશનની તારીખ અને સમય	મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય	સાંકેતિક કબજાની તારીખ
1	શૈતાન રાવત સિંઘ (દેવાદાર) અને માંગી કુંવર (સહ દેવાદા)	લોન ખાતા નં.LVAPSTH0000033543 ના બાકી **રૂ. ૯,૮૭,૬૬૪/-** (રૂપિયા નવ લાખ સત્યાંસી હજાર છસ્સો ચોંસઠ પુરા) **તા.૧૯.૦૪.૨૦૨૪** સુધીના વત્તા ભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ	**રૂ.૧૦,૨૬,૦૦૦/-** (રૂપિયા દસ લાખ છવ્વીસ હજાર પુરા) **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ. ૧,૦૨,૬૦૦/-** (રૂપિયા એક લાખ બે હજાર છસ્સો પુરા)	**૧૪-૦૫-૨૦૨૪ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી (પાંચ મિનીટના અમર્યાદિત વધારા સાથે)**	26-04-2024 **ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ સુધી**	18-02-2024

ગીરો મુકેલી મિલકતનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકતફ્લેટ નં.૧૦૫,ક્ષેત્રફળ અંદાજે ૭૬૦.૦૦ ચો.ફૂટ અથવા ૭૦.૬૩ ચો.મી. સુપરબિલ્ટઅપ એરિયા ,પહેલા માળે, ગજાનંદ કોમ્પલેક્ષ બિનખેતી જમીન પરનું બાંધકામ,સ.નં.૨૫૦/3 પૈકી ક્ષેત્રફળ ૩૨૮૮૨.૦૦ ચો.મી. પૈકી પ્લોટ નં.૮૦ (કમ્પ્યુટરાઈઝડ સ.નં.૨૫૦/3/પૈકી ૬૭) ક્ષેત્રફળ ૧૬૯.૪૭ ચો.મી., પ્લોટ નં.૮૧(કમ્પ્યુટરાઈઝડ સ.નં.૨૫૦/3/પૈકી ૬૮) ક્ષેત્રફળ ૧૯૦.૨૨ ચો.મી. અને પ્લોટ નં.૮૨(કમ્પ્યુટરાઈઝડ સ.નં.૨૫૦/3/પૈકી ૬૯) ક્ષેત્રફળ ૧૯૮.૬૮ ચો.મી. છીરી,તા.વાપી,જિ.વલસાડકથિત ફ્લેટની ચતુ:સીમા: ઉત્તરે : ફ્લેટ નં.૧૦૪,દક્ષિણે : ફ્લેટ નં.૧૦૬,પૂર્વે : આંતરીક રોડ,પશ્ચિમે : પેસેજ

નોંધ:-૧) ઓકશન વેચાણ વેબ સાઈટ: https://sarfaesi.auctiontiger.net દ્વારા થશે અને જે બીડર્સ પાસે માન્ય ઈ-મેલ,ઓળખનો પુરાવો અને ફોટો પુરાવો અને પાનકાર્ડ હોય અને ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ/ એનઈએફટી/આરટીજીએસ થી ચુકવણી કરી હોય તેઓ જ આ ઓન લાઈન ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે. **૨)** રસ ધરાવતા બીડર્સે ઈએમડીની ચુકવણી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસથી એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડની તરફેણમાં મોકલવાના રહેશે. **બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતા નં. ૬૫૨૨૬૮૪૫૧૯૯ ,સરફાયેસી- ઓકશન - એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ,આઈએફએસસી કોડ SBIN0001593 ૩)** અરજી બીડ ફોર્મની સાથે ઈએમડી ઓનલાઈન મોકલવાની છેલ્લી તારીખ : ૧૩.૦૫.૨૦૨૪ **૪)** વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે કૃપયા અમારી વેબસાઈટ ની મુલાકાત લો https://sarfaesi.auctiontiger.net અથવા **શ્રી મૌલિક શ્રીમાળીનો ફોન નં. ૯૧-૬૩૫૧૮૯૬૬૪૩/ ૯૧૭૩૫૨૮૭૨૭ ઉપર સંપર્ક સાધવો.** હેલ્પ લાઈન ઈ-મેલ આઈડી :Support@auctiontiger.net

મો.નં. ૭૨૦૮૯૩૪૪૬૧
તા.:૨૦-૦૪-૨૦૨૪

સહી/ અધિકૃત અધિકારી
વતિનીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાયનાન્સ લિમીટેડ તરીકે ઓળખાતી)

ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિ. ઓફિસ : ૧૧મા માળે , ટાવર - એ ,પેનીસ્યુલા બિઝનેસ પાર્ક , ગણપતરાવ કદમ માર્ગ , લોઅર પરેલ , મુંબઈ - ૪૦૦૦૧૩. CIN No.U67190MH2008PLC187552

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

[સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ,૨૦૦૨ના રૂલ ૮(૧) મુજબ]

આથી નીચે સહી કરનાર ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ ના અધિકૃત અધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ) સાથે વંચાણે લેતા સેક્શન ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૩ અંતર્ગત પ્રાપ્ત અધિકારો મુજબ નીચે જણાવેલી તારીખે જારી કરાયેલી ખંડ ૧૩ (૧૨) હેઠળની વિગતવાર ડિમાન્ડ નોટીસ નીચે જણાવેલ દેવાદારોને મોકલવામાં આવી હતી જે મુજબ તેમણે નોટીસની તારીખથી ૬૦ દિવસમાં બાકી લેણી રકમ ચુકવી દેવાની હતી.

દેવાદાર એમ કરવામાં નિષ્ફળ નિવડયા હોઈ દેવાદારનો ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નીચે જણાવેલી મિલકતોનો **વાસ્તવિક કબજો એડીશનલ ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ, ભરૂચે અ.નં.૧ નો અને અ.નં.૨ નો એડીશનલ ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ઓલપાડ**ના નીચે સીસીમાં જણાવેલા આદેશ મુજબ નિમાયેલા કોર્ટ કમિશ્નર હસ્તક **વાસ્તવિક કબજો** લીધો છે.

ખાસ દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર **ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ**ના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના ચડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ નોટીસની તારીખથી ગણાશે. દેવાદારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે કથિત એક્ટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮)ની જોગવાઈ મુજબ નિર્ધારીત સમયમાં પોતાની ગિરો મુકેલ મિલકત છોડાવી શકશે.

<table>
<tr><th>અ. નં.</th><th>લોન ખાતા નંબર</th><th>દેવાદાર(રો),કાનૂની વારસદાર(રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ</th><th>ડીમાન્ડ નોટીસ મુજબની રકમ</th><th>ડીમાન્ડ નોટીસની તારીખ
કબજાની તારીખ</th><th>ઓર્ડરની તારીખ
ફાઈલીંગ તા.
કેસ નં.</th></tr>
<tr><td>1</td><td>10312917</td><td>અરવિંદભાઈ ધીરૂભાઈ દૂધાત (દેવાદાર) અને કિરણબેન અરવિંદભાઈ દૂધાત (સહ દેવાદાર)</td><td>Rs. 87,85,291/-</td><td>05-05-2023
17-04-2024</td><td>01-03-2024
30-01-2024
CRMA J/111/2024</td></tr>
<tr><td colspan="6">સુરક્ષિત મિલકત/સ્થાવર મિલકત/ગીરો મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગોની બનેલી સ્થાવર મિલકત ખુલ્લો પ્લોટ નં.૨૦,ક્ષેત્રફળ ૪૫૦૦ ચો.ફૂટ અથવા ૪૧૮.૨૧ ચો.મી. ની સાથે રોયલ વિલેજ ની અવિભાજિત જમીનનો ભાગ તથા આંતરીક અને બાહય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુની બિનખેતી જમીન,બ્લોક નં.૭૦૧ ક્ષેત્રફળ હે.આરે.૧૦-૧૦-૦૦ ચો.મી. મોજે કોંધ,તા. વાલીયા,જિ.ભરૂચ ગુજરાત ચતુઃસીમા : પૂર્વે : પ્લોટ નં.૧૧,પશ્ચિમે: સોસાયટીનો રોડ,ઉત્તરે: પ્લોટ નં.૧૯,દક્ષિણે: પ્લોટ નં.૨૧</td></tr>
<tr><td>2</td><td>9477767
&
10694315</td><td>હરેશકુમાર કાંતિભાઈ દેવમુરારી (દેવાદાર), દયાબેન કે. દેવમુરારી અને કાંતિભાઈ બાલુભાઈ દેવમુરારી (સહ દેવાદાર)</td><td>Rs. 7,78,080/-
&
4,87,346/-</td><td>27-11-2023
17-04-2024</td><td>26-03-2024
07-03-2024
CRMA J/125/2024</td></tr>
<tr><td colspan="6">સુરક્ષિત મિલકત/સ્થાવર મિલકત/ગીરો મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગોની બનેલી સ્થાવર મિલકત ફ્લેટ નં.૨૦૧,બીજા માળે, સુપરબિલ્ટઅપ ક્ષેત્રફળ ૧૧૩૦ ચો.ફૂટ અથવા ૧૦,.૦૨ ચો.મી. અને ૬૭૮ ચો.ફૂટ અથવા ૬૩.૦૧ ચો.મી. બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળની સાથે ૩૩૫ ચો.ફૂટ અથવા ૩૧.૧૩ ચો.મી. ટેરેસનો બિલ્ટઅપ એરિયા અને સૌરાષ્ટ્ર ગ્રીન સીટી બિલ્ડીંગ નં. જી(સ્થળ મુજબ બિલ્ડીંગ નં.એ/૧૨)ની અવિભાજિત જમીનનો ભાગ તથા આંતરીક અને બાહય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુની બિનખેતી જમીન,બ્લોક નં.૧૧૯/એ ક્ષેત્રફળ ૧૩૮૬૦ ચો.મી. અને બ્લોક નં.૧૨૦ ક્ષેત્રફળ ૨૧૭૮૭ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૩૫૬૪૭ ચો.મી., મોજે ગામ ઉમરા, તા.ઓલપાડ,જિ.સુરત ચતુઃસીમા : પૂર્વે : લાગુ બ્લોક નં.૧૨૧, પશ્ચિમે: લાગુ બ્લોક નં.૧૧૧, ઉત્તરે: લાગુ બ્લોક નં.૧૧૯/બી , દક્ષિણે: લાગુ સોસાયટીનો રોડ</td></tr>
</table>

તારીખ :૧૭-૦૪-૨૦૨૪
સ્થળ : સુરત

સહી/- અધિકૃત અધિકારી
વતિ,ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

:: જાહેર નોટીસ :: વિ.જે.ભંડારી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત, સુરતની કોર્ટમાં

વાદી : હારૂનખાન મહેબુબખાન પઠાણ
રહે. ૪૯૧, મીયાભાઈ મહોલ્લો,
જુમ્મા મસ્જીદ પાછળ, વરીયાવ, સુરત.

નં.જ.મ.પ્ર./એસ.આર.નં.૧૯૫/૨૦૨૪
તા.૧૨/૦૪/૨૦૨૪

વિરૂદ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
સુરત મહાનગર પાલિકા, સુરત.

વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી હારૂનખાન મહેબુબખાન પઠાણ રહે. ૪૯૧, મીયાભાઈ મહોલ્લો, જુમ્મા મસ્જીદ પાછળ, વરીયાવ, સુરતના પુત્ર ઉરહાન હારૂનખાન પઠાણનું જન્મ તા. ૧૮/૦૩/૨૦૨૨ ના રોજ રહે.૪૯૧, મીયાભાઈ મહોલ્લો, જુમ્મા મસ્જીદ પાછળ, વરીયાવ, સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(વિ. જે. ભંડારી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,અને
નાયબ કલેકટર, સીટી પ્રાંત, સુરત.

:: જાહેર નોટીસ :: વિ.જે.ભંડારી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત, સુરતની કોર્ટમાં

વાદી : હારૂનખાન મહેબુબખાન પઠાણ
રહે. ૪૯૧, મીયાભાઈ મહોલ્લો,
જુમ્મા મસ્જીદ પાછળ, વરીયાવ, સુરત.

નં.જ.મ.પ્ર./એસ.આર.નં.૧૯૬/૨૦૨૪
તા.૧૨/૦૪/૨૦૨૪

વિરૂદ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
સુરત મહાનગર પાલિકા, સુરત.

વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી હારૂનખાન મહેબુબખાન પઠાણ રહે. ૪૯૧, મીયાભાઈ મહોલ્લો, જુમ્મા મસ્જીદ પાછળ, વરીયાવ, સુરતના પુત્ર અકરમ હારૂનખાન પઠાણનું જન્મ તા. ૨૦/૦૯/૨૦૨૦ ના રોજ રહે.૪૯૧, મીયાભાઈ મહોલ્લો, જુમ્મા મસ્જીદ પાછળ, વરીયાવ, સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(વિ. જે. ભંડારી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,અને
નાયબ કલેકટર, સીટી પ્રાંત, સુરત.

CLASSIFIED
+0261-4010239

શ્રી કૃષ્ણ મુરારી
કુંડલીના ખાસ જાણકાર
દરેક કાર્ય ધાર્મિક વિધિથી કરવામાં આવશે નિરાશ થયેલા ખાસ ફોન કરો
તૂટેલા પ્રેમ સગાઈ સંબંધ જોડવા માટે ? શું તમારા છોકરી કે છોકરા કોઈના પ્રેમમાં પડેલા છે?
લગન કેમ થતા નથી ? કારણ શું ક્યારે થશે ? ધંધા ફેક્ટરીમાં નુકસાન કેમ ?
સંતાન કેમ થતા નથી? સફળતા ક્યારે મળશે ? દવા લેવા છતાં અસર કેમ નથી ?
જમીન-મિલ્કત વેચાતી નથી. ખવડાવેલુ પીવડાવેલું.મેલી વસ્તુ.બીમારી. લવમેરેજ. કોઈનું કરેલું
તમારી સંતાન ઈચ્છાની વિરુદ્ધ કાર્ય કરતા હો તો ખાસ કોલ કરો
હની પાર્ક, અડાજણ. જય શ્રી કૃષ્ણ Mo. 9998500871

મિલકત લે-વેચ
આધુનિક સુવિધા સાથે સજ્જ નાનપુરા વિસ્તારમાં ડોકટર લાયક ઓફિસ વેચવાની છે
9879917101

જોઇએ છે
સેલ્સ મેનેજર, નેટવર્ક મેનેજર, વર્કશોપ મેનેજર, સેલ્સ એક્ઝિક્યુટીવ, પી.ડી. આઇ.ઇન્ચાર્જ, ટેકનીશિયન, ટેલી કોલર,અનુભવી એકાઉન્ટન્ટ નવજીવન હોન્ડા, નવીન ફ્લોરીન કપાઉન્ડ, ઉધના ભેસ્તાન રોડ.
9374012999

સબકા માલિક એક જ્યોતિષ
QUICK DIVORCE
LOVE SPECIALIST PROBLEM
છૂટાછેડા, શત્રુ-વિજય, સગાઇ-લગ્ન, લવ પ્રોબ્લેમ, સંતાનયોગ, તૂટેલાં સંબંધ
લવગુરૂના બેતાજ બાદશાહ ગુપ્તધન ક્રિયાના જાણકાર
ગુપ્તધન સપનામાં દેખાય છે છતાં મળતુ કેમ નથી?
અધુરા-બગડેલા કામના નિકાલ માટે મળો ભાગળ ચાર રસ્તા, સુરત.
9714906791

વ્યવસાયલક્ષી
વોટરપ્રુફીંગ, રીનોવેશન, એપાર્ટમેન્ટમાં ભેજ, લીકેજ, કલરપુટ્ટી પ્લાસ્ટર
9825834323

મહાકાલીજ્યોતિષ (સુરત)
અશક્યને શક્ય કરનાર ● બધા જ્યોતિષ-તાંત્રિકોથી પહેલાં પરિણામ
સમસ્યા છે...? તો સમાધાન પણ છે!
પથ્થર જેવી કઠીન સમસ્યાનું ૩ કલાકમાં નિકાલ
એક તરફી પ્રેમી-પંખીડા ખાસ સંપર્ક કરો
ખવડાવ્યા કે પીવડાવ્યા વગર પણ વશીકરણ શક્ય છે
પતિ-પત્ની-પ્રેમી-પ્રેમીકાને વશમાં કરો
લવ પ્રોબ્લેમ, છુટાછેડા, મેલી વસ્તુ, મુઠચોટ
એક તરફી પ્રેમી-પંખીડા ખાસ સંપર્ક કરો
જમીન-મિલકત, કોર્ટ-કેસ વિજય, ગુપ્તધન સ્પે.
ધારેલી વ્યક્તિનું મિલન
માત્ર એક જ મુલાકાતથી સમસ્યાનો સમાધાન
ફોન દ્વારા ઓલ ગુજરાત ઘરેબેઠા કામ માત્ર એક જ મુલાકાતથી સમસ્યાનો સમાધાન
7265019032

ભદ્રકાલી જ્યોતિષ
૪૦ વર્ષથી સ્થાયી ●૧૦૦% કામનો તાત્કાલિક રિઝલ્ટ A to Z સમસ્યાનો એક જ ફોનમાં સમાધાન
શું તમારા રીલેશનશીપમાં લાગણી ઓછી થઇ ગઇ છે...?
ગ્રહકલેશ, વિદેશયોગ, અણબનાવ, નોકરી-ધંધામાં રૂકાવટ, બ્રેકઅપ, પતિ-પત્ની શંકા-કુશંકા, લવ મેરેજ, સગાઇ-લગ્નમાં વિલંબ, બ્લેક મેજીક, સૌતનથી પરેશાની, એક્તરફી પ્રેમ.
લવ પ્રોબ્લેમ, છુટાછેડા, મેલીવસ્તુ, લગ્ન-સગાઇ, તૂટેલા સંબંધ, શત્રુનાશ, ગુપ્તધન, મેલીવિદ્યા ઘરેબેઠા સમાધાન વાત ખાનગી રહેશે
ભદ્રકાલી જ્યોતિષ
ઉમાભવનની ગલીમાં, ભટાર રોડ, સુરત
9714411750

ખાસ નોંધ
ક્લાસિફાઇડમાં પ્રગટ થતી જાહેરખબરમાંની હકીકતોમાં ખરાપણાની ખાતરી કરવામાં આવતી નથી અને વેચાણની સંપત્તિ માટે રજુ કરેલ પ્રસ્તાવ માટે ગુજરાત ગાર્ડિયન કોઈપણ પ્રકારે જવાબદાર નથી.